# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

મે/જૂન–૨૧ વર્ષ : ૫૭

તંત્રી : વિરેન શાં. ધોળકિયા
મો. ૯૪૨૮૭૦૦૧૦૫ (WhatsApp)

બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
email : barchhi@rediffmail.com
www.barchhi.com




## પ્રારબ્ધ

અમે દર્દને પ્રેમ કરીને જીવ્યા–
તમે દવા શાને લઈને આવ્યા !...
ઝખ્મો તો અમારા મિત્રો છે!
તમે શાને મલમ લઈને આવ્યા...
તીરો ફેંકાતાં નહીં મરીએં અમે–
તમે શાને ઢાલ બનીને આવ્યા...
આદત પડયા પછી ટેવાય જવાય–
તમે શાને અશ્રુઓ ધરીને આવ્યા...
પ્રારબ્ધના ખેલ સહીશું સઘળા–
ન કોઈ પક્ષપાતે હરિએ આપ્યા!...

–જસમીન દેસાઈ–'દર્પણ' રાજકોટ.
મો.૯૪૨૮૩૪૯૮૧૨

**Pls. note our Account No. Any one can....**
Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**

# એક સમયે દરેક ક્ષેત્રે નાગરોના દબદબા સાથે યોગદાન...

(ઘણા વરસ પહેલા ખુશવંતસિંહએ 'ઈલેસ્ટ્રેટેડ વીકલી'માં નાગરોના પ્રદાન વિશે અંગ્રેજીમાં લેખ લખ્યો હતો, કદાચ તેનું આ ગુજરાતી ભાષાંતર હોય તેમ લાગે છે. જેમણે ભાષાંતર કર્યુ હોય– નવું લખ્યું હોય તે અનુવાદક/ લેખકને ધન્યવાદ સાથે અત્રે પ્રકાશિત કરી રહયા છીએ. જેથી એક સમયે નાગરોનો દરેક ક્ષેત્રમાં દબદબા અને ઓજસ્વીતાનો ખ્યાલ આવે, ભવિષ્યમાં જળવાય રહે અને પ્રેરક બને.આપના કુટુંબમાં આવી વ્યકિત હોય/થઈ ગઈ હોય તો અવશ્ય લખી મોકલશો જે ભવિષ્યનો ઈતિહાસ છે. જો કે અત્રે નોંધ લેવી ઘટે કે વડોદરા ના શ્રી મહેશભાઇ કચ્છી દ્વારા ટૂંક સમય પહેલાં પ્રકાશિત થયેલ 'નાગર ઈતિહાસ' પુસ્તકમાં દરેક ક્ષેત્રની આવી અનેક પ્રતિભાને આવરી લઈ તેને ઉજાગર રાખવાનું મૂલ્યવાન કાર્ય કર્યુ છે. –તંત્રી)

નાગર પાઘડીઓની આંટીઘૂંટીની પણ એક દુનિયા છે. એ જમાનામાં પાઘડી પરથી માણસ કયા પ્રદેશનો છે એ સમજાતું. સુરતની પાઘડી નર્મદના ચિત્રમાં હોય છે તેવી હતી. પાટણની ચાંચવાળી લોકમાન્ય તિલક જેવી હતી. જામનગરની વૈદરાજો પહેરે છે એવી એક તરફથી ઉંચી હતી. અમદાવાદ ની દીવાની પાઘડી પણ ઘણા ફોટાઓમાં જોવા મળે છે. હાલારની પાઘડી આજે રામપ્રસાદ બક્ષીને મળતી આવતી હતી. જૂનાગઢની જરા બેઠેલી, તપેલું ઉંધુ મૂકયું હોય એવી લાગતી. વારાણસીના નાગરો આ બધાથી જુદા આકારની પાઘડી પહેરતા અને એનો મિજાજ ઉત્તર ભારતીય હતો.

હિન્દી ભાષાની લિપિ જે રીતે લખાય છે એને નાગરી કે દેવનાગરી લિપિ કહેવાય છે. સત્યતા ખબર નથી તલસ્પર્શી અભ્યાસ બાકી છે પરંતુ કહેવાય છે કે આ નાગરી લિપિ વડનગરા નાગરબ્રાહ્મણોની ખોજ હતી. ઉત્તર ભારતના નાગર બ્રાહ્મણો ત્રીજી કે ચોથી શતાબ્દિમાં ગુજરાતમાં પ્રવેશ્યા હોવાનું માનવામાં આવે છે. એમની જાતિનું પ્રથમ મહત્વપૂર્ણ કેન્દ્ર વડનગર હતું. આ નાગરી લિપિ માટે ઈતિહાસમાં અમર થઈ ગયા હોત.

માલવામાં વીસનગરના નાગરો હતા. સૌરાષ્ટ્રના અને ખંડવાના નાગરો વચ્ચે સંબંધ હતો. નાગરો જયપુરમાં હતા. દૂર કર્ણાટક સુધી હતા. મહેસાણાના નાગરો ભુજમાં વસ્યા હતા. બુલંદ શહેરના નાગરોએ મુસ્લીમ બનવું પડયું હતું. ઉત્તરના નાગરો બનારસ, લખનૌ આદિ સ્થળોએ સ્થાયી થયા.મુંબઈમાં ગ્રાન્ટરોડથી શરૂ થયેલ નાગર આજે સાન્તાકૃઝ –વિલે પાર્લેમાં જામી ગયા છે.


ગુજરાતની સંસ્કાર યાત્રા માં એક પછી એક ચુનંદા નાગરના નામો દ્રષ્ટિ સમક્ષ આવતાં જાય છે. ૧૧મી સદીમાં વેદ વેદાંગમાં ભાષ્યકાર ઉવ્વટ થઈ ગયા.૧૩મી સદીમાં સોમેશ્વર અને નાનાક જેવા કવિઓ આવ્યા. નાગરી નાતે જેમને દુઃખી કર્યા પણ સમસ્ત ગુજરાતે છાતી સાથે લગાવી દીધા એ મહાન નરસિંહ મહેતા ૧૫મી સદીમાં છવાઇ ગયા. પછી પદ્મનાભ આવ્યા, કવિ દયારામની ગરબીઓ લોકજીવન સાથે જોડાયેલી છે.

આધુનિકોમાં આદ્ય એવો એક નર્મદ જેવો વીર પુરૂષ નાગરોએ પેદા કર્યો.અન્ય ઝળહળતા નામોમાં નવલરામ, નરસિંહરાવ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ નભુભાઇ, રમણલાલ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ,કમળાશંકર,કેશવ હર્ષદ ધ્રુવ, કવિ કાન્ત, રામનારાયણ પાઠક, ભૃગુરાય અંજારિયા, ગુણવંતરાય આચાર્ય, જીતુભાઇ મહેતા, યશોધર મહેતા આવે.

નાગરોએ સાહિત્યની પરંપરાના દિગ્ગજોનું કામ કર્યુ છે. ગુજરાતી સાહિત્યની મશાલ ઉઠાવીને અગ્રેસર થનારા આ શબ્દલોકના જાંનિસાર હતા. દરેક પેઢીએ નાગર સાહિત્યકારો ગુજરાતી ભાષાને એમનું યોગદાન આપતા રહયા છે.ગુજરાતી સાહિત્યના પંડિત યુગના ઘણા ખરા સિતારોઓ નાગર હતા. એ કદાચ સૌથી શિક્ષિત હતા એટલે ઘણી બાબતોમાં પ્રથમ રહેવાનું માન એમને મળે છે.

(અનુ.પાના–૮ ઉપર)

# આજીવન પરદુ:ખભંજક સેવક હરિવદનભાઇ અંતાણી



શ્રી હરિવદનભાઇ પ્રતાપરાય અંતાણીનો જન્મ તા.૨૩ જાન્યુઆરી ૧૯૩૨ના રોજ જામનગર ખાતે થયો હતો.તેઓ સહિત પાંચ ભાઇઓ અને પાંચ બહેનોના સંયુકત પરિવારમાં વર્ષો સુધી સાથે રહયા. પરિવાર પ્રેમ તથા સંસ્કારનું ભાથું લઈને જીવનમાં આગળ વધ્યા. ૧૯૫૧માં મેટ્રિક પાસ થઈએ તેઓ રેલ્વેની નોકરીમાં જોડાવા જામનગરથી રાજકોટ આવ્યા. પિતા રેલ્વેમાં નોકરી કરતા હતા.રાજકોટમાં રેલ્વેનું ડિવીઝન મથક બનતાં તેઓ ૧૯૫૬માં રાજકોટ આવ્યા અને સ્થાયી થયા.ડિવીઝન મથક બનતાં મોટી સંખ્યામાં ગુજરાત તેમજ ગુજરાત બહારના લોકો રાજકોટ આવ્યા હતા. એક વખત સ્ટાફના એક પરિવારમાં એક ભાઇનું મૃત્યુ થયું કમનસીબે આ લોકો એટલી આર્થિક ખેંચમાં હતા કે નિહારના પૈસા પણ ન હતા.વળી અંતિમયાત્રા માટે નનામી ઉપાડવા માણસો પણ ન હતા. હરિવદનભાઇ એ આ ઘટનાનો બોધપાઠ લઈને આઠ–દસ જણાનું જૂથ બનાવી જરૂર પડયે આર્થિક મદદ થઈ શકે તેવી પણ વ્યવસ્થા કરી. આ તેમની સેવા પ્રવૃત્તિનો આરંભ હતો. સારા માઠા પ્રસંગે સૌની મદદે પહોંચી જવાની તેમની વૃત્તિ મોટો વટવૃક્ષ બની. પારદર્શક જીવનશૈલી, પ્રમાણિકતા અને માણસાઇને જીવાડવા માટેની તેમની નિષ્ઠા અને તેમનામાં રહેલા સદ્‌ગુણોનો એક એવો સેતુ કે જેના કારણે સેવાભાવી કર્મઠ લોકો અને મોટા મનના દાતાઓની સમાજસેવા ખૂબજ જરૂરતમંદ એવા સમાજના છેવાડાના માનવીને મળી.

જીવન માત્ર ક્ષણિક ભૌતિક સુખો ભોગવવા માટે નથી પરંતુ જીવ માત્રમાં ઈશ્વર સમાયેલો છે જેથી માનવ સેવા એ જ પ્રભુ સેવાને હરિવદનભાઇએ જીવનમંત્ર બનાવી સમાજના જરૂરતમંદોની વ્હારે કપરા સમયે પહોંચીને તેમની મુશ્કેલીઓ હળવી કરવાના ભાવ સાથે આજીવન કાર્યરત–સેવારત રહયા. તેમના જીવનમાં દુ:ખી બાંધવોની સેવા કરનારા સંતો શ્રી રણછોડદાસજી મહારાજ તેમજ અંધાપાના અભિષાપને દૂર કરવા અહર્નિશ ગામડાઓમાં નેત્રયજ્ઞ કરનાર ડો. શિવાનંદ અધ્વર્યુએ માનવ સેવાની પ્રેરણાનું સિંચન કર્યુ હતું જે આજીવન નિભાવી જાણ્યું. તેઓ રાજકોટ ખાતે વેસ્ટર્ન રેલ્વેમાં સવારે ૧૧થી ૬ સંન્નિષ્ઠ નોકરી કર્યા બાદ મોબાઈલ ફોન કે સ્કૂટર મોટર જેવી સુવિધાઓ વગર સેંકડો નેત્રયજ્ઞ કે પછી હજારો લોકોને તબીબી સેવા પૂરી પાડવાનું કામ હોય કે પૂર,ભૂકંપ કે વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિ આવી હોય ત્યારે હરિવદનભાઇ અસરગ્રસ્ત લોકોની વ્હારે પોતાના સહ કાર્યકરો,આગેવાનો તથા દાતાઓ સાથે પહોંચ્યા જ હોય. ૧૯૬૭માં ફુલછાબમાં તેઓએ વાંચ્યું કે ઓરીસ્સા બિહારમાં ભયંકર દૂકાળ પડયો છે. લાખો લોકો ભૂખમરાથી પીડાય રહયા છે આવા આપાદગ્રસ્તો માટે રાજકોટના પૂ. રણછોડદાસજી મહારાજે વિરાટ પાયે રાહત કાર્ય ઉપાડી મહામુશ્કેલીમાંથી ઉગારી લીધા. આ અહેવાલ વાંચી હરિવદનભાઇએ સંકલ્પ કર્યો કે સમાજ માટે કંઈક કરી છૂટવું અને તેઓ દિવ્ય જીવન સંઘ સાથે જોડાયા અને જરૂરીયાતમંદોને આરોગ્ય તથા ગરીબોના ઉત્કર્ષ થાય તેવા કાર્યો માટે કાર્યરત થઇ ૧૯૭૫માં જામનગરમાં વિનાશક વાવાઝોડા તથા ૧૯૭૯માં મોરબીની મચ્છુની જળ હોનારતનો ભોગ બનેલાંઓની વ્હારે આવી સમાજના દાતાઓ અને સેવાભાવી કાર્યકરોના સહયોગથી તાત્કાલિક જીવનજરૂરી સામગ્રીનો જથ્થો લઈ આપદગ્રસ્તોને સધિયારો પૂરો પાડયો હતો. આ સેવાઓ બદલ તેઓને રેલ્વે તરફથી વિશિષ્ટ સેવા મેડલ પણ અપાયો હતો.

૧૯૬૭માં રાજકોટમાં ધર્મ અને માનવ સેવાના કાર્યો કરતી દિવ્ય જીવન સંઘની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ મળી હતી જેમાં તેઓએ નોંધનીય પ્રદાન કર્યું. સંસ્થા પ્રમુખ શ્રી પ્રાણભાઇ મહેતાએ તેમને સંસ્થામાં સેવા આપવા ઇજન આપ્યું. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રીય રહયા અને ૧૯૭૪માં દિવ્ય જીવન સંઘના મંત્રી બન્યા.

ડો.શિવાનંદ અધ્વર્યુનો સંપર્ક અને તેઓના નિષ્કામ સેવા કાર્યોએ હરિવદનભાઇના જીવન પર ઊંડી અસર કરી હતી. ૧૯૮૨માં ડો. શિવાનંદ અધ્વર્યુને ૭૫ વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે ૭૫ નેત્રયજ્ઞ કેમ્પ કરવાનો વિચાર આવ્યો. અનેક આગેવાનો સંસ્થાઓ તથા દાતાઓ અને દિવ્ય જીવન સંઘના પદાધિકારોઓના સાથ સહકારથી સૌરાષ્ટ્રના ૭૫ ગામોમાં નેત્રયજ્ઞો યોજી હજારો લોકોને આંખના રોગમાંથી મુકત કર્યા. અંધાપા નિવારણના કાર્યમાં મહત્વનું પ્રદાન કર્યું.આ રીતે આજે ૫૦ વર્ષથી હરિવદનભાઇએ સૌરાષ્ટ્રના અનેક ગામોમાં નેત્રયજ્ઞે તથા દંતયજ્ઞોમાં ચાવીરૂપ પ્રદાન કર્યું હતું. તેમની પારદર્શી કાર્યનિષ્ઠા અને નિઃસ્વાર્થભાવનાની સુવાસ દેશ સાથે વિદેશમાં પણ પ્રસરતાં દાતાઓ દાનની સરવાણી વહાવતા રહયા છે. લંડન– યુ.કે.–ના એક સજ્જને સ્થાનિક ટ્રસ્ટોના ઉપક્રમે છેલ્લા દશ વર્ષ દરમ્યાન સૌરાષ્ટ્રના ગામેગામ ૨૫૦ આંખ માટેના નિદાન કેમ્પ તથા ૨૭૦ દંતયજ્ઞો યોજી જરૂરીયાતમંદોને લાભ અપાવ્યો.અત્યાર સુધીમાં તેમના નેતૃત્વમાં અંદાજે ૩૦ હજાર જેટલા આંખના રોગીઓની દવા સારવાર કરવામાં આવી અને ૩૫૦૦ જેટલાં નેત્રમણી સાથે ઓપરેશન કરવામાં આવ્યાં. આ ઉપરાંત રોજગાર માટે રેકડી,સિલાઈ મશીન, હોસ્પિટલો માં વ્હીલચેર, સ્ટ્રેચર જેવાં ઉપયોગી સાધનો દાતાઓની મદદથી આપતા રહયા.

સંસ્થાનું પોતાનું એક મકાન થાય તે માટે તનતોડ મહેનત કરી..નિવૃત્ત નાયબ કલેકટરશ્રી ગણેશ નીલકંઠ કરમકર સંસ્થા સાથે જોડાયેલા હોવાથી પોતાની મિલ્કત આપી જેમાં સુધારા વધારા કરી શિવાનંદ ભવન થયું જેમાં દરરોજ યોગના વર્ગ, વિદ્યાર્થીઓ માટે ટયુશન ક્લાસ, આરોગ્ય કેમ્પ, આધ્યાત્મિક પ્રવચનો વગેરે જેવી વિવિધલક્ષી જીવનોપયોગી પ્રવૃત્તિઓ આજ સુધી અવિરતપણે ચાલી રહી છે. અંગત જીવનમાં અત્યંત કરકસરથી રહેનાર હરિવદનભાઇએ સમાજ માટે લાખો રૂપિયાના સખાવતી કાર્યો કર્યા અને પાઇ પાઇનો હિસાબ રાખી સંસ્થાનું વહીવટી ખર્ચ શૂન્ય રાખ્યું. તેઓની બીજી વિશેષતા એ હતી કે તેઓ આજીવન પદ પ્રતિષ્ઠાથી અલિપ્ત રહયા.સંસ્થાનો કોઇપણ કાર્યક્રમ હોય ત્યારે તેઓ કયારેય સ્ટેજ ઉપર ન હોય. હંમેશા કાર્યકરોને આગળ કરે બધો યશ કાર્યકરોને જ આપે.વર્ષ ૨૦૧૩માં પૂ. અભિમાન અને અહંથી પર રહેનાર હરિવદનભાઇએ મોરારીબાપુના હસ્તે ફુલછાબ એવોર્ડ સ્વીકારતી વખતે પણ કહયું કે સન્માનના હકદાર સંસ્થાના કાર્યકરો છે.આજના કહેવાતા સમાજસેવકો,ટ્રસ્ટીઓએ હરિવદન ભાઇ જેવા નિરાભીમાની અને નિઃસ્વાર્થ સેવક પાસેથી આવી શીખ લેવા જેવી છે.

કોરોના સામેની લાંબી લડત બાદ નેવું વર્ષની વયે ગત માસમાં હરિવદનભાઇ હરિશરણ થયા, પરંતુ દૈનિક જીવનમાં નિયમિતતા,નિષ્ઠા,માનવ સેવા, સહજતા,સાદગી,ગુરૂદેવ તથા પરમાત્મામાં અતૂટ શ્રધ્ધા વગેરે જેવા અનેક ગુણો અને તેમનાં સત્કાર્યો થકી આ યોગીપુરૂષ સદાય યાદ રખાશે.

દિવ્ય જીવન સંઘની હોદ્દેદારોની મળેલી બેઠકમાં તેઓના અગણિત અસામાન્ય સેવાકાર્યોની સાદર નોંધ લઈ, પ્રાર્થના કરી હરિવદનભાઇને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. હરિઃ ૐ.

**નાગર જ્ઞાતિની નિરાળી લાક્ષણિકતાઓ** : શ્રી પરેશ એલ. જોષીપુરા, પોરબંદર

(વર્ષ ૧૯૮૮માં કલમ કડછી બરછીના ૨૫ વર્ષ–રજત જયંતી–ના ઉપલક્ષ્યમાં નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં કુલ ૩૪ બંધુઓએ ભાગ લીધો હતો. આપણી જ્ઞાતિની 'એક સમયની આવી લાક્ષણિકતાઓનો' ખ્યાલ આવે, કોઈને અભ્યાસમાં ઉપયોગી થઇ શકે, નિબંધ લેખન કેમ થાય તેનો પરિચય મળે તેવા હેતુથી આ સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓના નિબંધ અત્રે પ્રકાશિત કરવામાં આવશે. આ અંકમાં પ્રથમ સ્થાને આવેલ શ્રી પરેશભાઇ જોષીપુરાની કલમે લખાયેલ નિબંધ.–તંત્રી)

નમણી નાગર જાત આજ સમગ્ર ભારતવર્ષમાં વિસ્તૃત અને સક્ષમ રીતે પથરાઈ ગઈ છે. નાગરોની સ્વાભાવિક પીછાણ વિશેષતઃ મુત્સદ્દીગીરીને કારણે સવિશેષ ધ્યાનાકર્ષક છે. શૌર્ય, સ્વાર્પણ, કુનેહ, નેક,ધૈર્ય વગેરે આગવી વિશિષ્ટતાને લીધે નાગર પ્રતિભા સ્વાભાવિક રીતે જ અલગ તરી આવે. મૃદુ મુલાયમ વાક્ચાતુર્યની આગવી છટા અને એવા જ મુલાયમ સ્વભાવની ઈશ્વરી દેન નાગરોને છે. કહેવાયું છે કે–

"મરછ,જલમારગ અને મૌક્તિક તે ત્રણ શુભ સાગરમાં છે
વહેંચી ખવાય, પીવાય અને સુશોભિત તે ત્રણ ગુણ તો નાગરમાં છે."



વળી કવિશ્રી દલપત પણ કહે છે, "શીતળાઇ,સુગંધસમા ગુણ તે ત્રણ મળીયા ગાગરમાં છે.
સંપ સુબુદ્ધિ સ્વરૂપ શરીરનું તે ત્રણ ગુણ નાગરમાં છે."

નાગરો નગર સંસ્કૃતિના પ્રતિનિધિ, સર્જકો,સંરક્ષકો અને પ્રવર્તકો છે.

નાગર જ્ઞાતિની પાસે કેટલીક જન્મજાત મૂડી છે તે છે રૂપ,સૌંદર્ય,સામાન્યસુઝ,પ્રામાણિકતા, હોંશીયારી, ભણતર, મૌલિકતા,વહીવટી આવડત અને નૈતિક હિંમત.

નાગર કોમની વિશિષ્ટતા કૌટુંબિક વિશિષ્ટતા સરખી શાસ્ત્રીય છે. અનેક પેઢીઓથી સાચવી રાખનાર કોમ પોતાનો વિશિષ્ટ દેખાવ,વિશિષ્ટ સૌંદર્ય જાળવી રાખે તેમાં આશ્ચર્ય જેવું નથી. કોમનો દેખાવ તે અનેક પેઢીઓની સાચવણીનું પરિણામ છે. દેશની રચનામાં જેમ વિશુદ્ધ રૂધિર મહત્વનું છે તેમ માનસ રચનામાં વિશુદ્ધ સંસ્કાર મહત્વના છે. દેહવિશુદ્ધિ સાચવવાની કાળજીવાળી કોમના સંસ્કાર સ્વાભાવિક રીતે જ ઊંચા હોય નાગરકોમની ભાષા, રીતભાત,સભ્યતા,શોખ અને રસિકતા એટલા બધા સુઘડ 'ટેસ્ટફુલ' હોય છે કે એ કોમની વિશિષ્ટતામાં બહુ ઉમેરો કરે છે.

કોમની પરિપાટી તેનો દેખાવ અને તેના સંસ્કારમાં વ્યકત થાય છે. આંખ,કાન, નાક,હડપચી, ખોપરી, ઉંચાઈ,રંગ એ બધી શાસ્ત્રીય વસ્તુઓ છે. નાગર સુરતનો હોય કે ભાવનગરનો,ખંડવાનો હોય કે ઠસાળીનો છતાં એ ભૌગોલિક ભેદમાં પણ અભિમાન લેવાય છે છતાં એ નાગર કોમમાં એક એવા પ્રકારનું દેહસૌષ્ઠવ છે કે જે તેને અમુક પ્રકારની વિશિષ્ટતા આપે જ છે અને આજે પણ નાગર નજરે જોતાં ઓળખાઇ આવે છે.નાગર હોવામાં અભિમાન લેવાનું હોય તો એટલું જ સહજ નહી પણ કેટલેક અંશે વાસ્તવિક પણ છે. નાગર કોમ ગુજરાતની બલ્કે હિન્દુસ્તાનની કોઈપણ કોમની સરખામણીમાં છેક નીચી ઉતરતી એમ તો નથી જ.દેખાવ અને સંસ્કાર જ્યારે એક સુંદર પરિપાટી ઉપર મળે ત્યારે બહુ કલામય છાપ ઉત્પન્ન કરે.નાગર જોવાથી ઓળખાય સાચું, પરંતુ નાગર સાથે વાતચીત કરવાથી તો તેના નાગરત્વ માટે સંશય રહેતો નથી જ.

વડનગરમાંથી ઉત્પન્ન થયેલ નાગર જ્ઞાતિનો આરંભ લગભગ બે હજાર વર્ષોથી હોવા છતાં આશ્ચર્ય જેવું કે "સ્કંદપુરાણન્નતર્ગત નાગર ખંડ" સિવાય બીજા કોઈપણ પ્રાચીન ગ્રંથમાં નાગર જ્ઞાતિનો ઇશારો કરેલો જણાતો નથી.જૈન લોકોનું માનવું છે કે મગધ દેશના છેલ્લા નંદ રાજાનો મંત્રી શકટાળ અને તેના પુત્ર સ્થવિર સ્થૂલીભદ્ર જેઓ જૈન ધર્મના મોટા આચાર્ય થઇ ગયા છે તેઓ જ્ઞાતિએ નાગર હતા.નાગરોની ઉત્પત્તિ વિશે આમ તો અત્યાર સુધીમાં આપણા અને અન્ય વિદ્વાનોએ ઘણા સંશોધનો કર્યા અને ઘણુ ઘણુ લખ્યું છે તો કેટલીક વખત દંતકથાઓનો આશરો લઇ ને આ બાબતમાં પ્રકાશ પાડવાનો ઉમદા પ્રયત્ન થયો છે.

આમ એકંદરે જોતાં સઘળી જ્ઞાતિઓમાં નાગર જ્ઞાતિની ત્રણ ધ્યાનાકર્ષક વિશિષ્ટતાઓ ખાસ રીતે પ્રતિબિંબિત થાય છે. ૧.નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર છે જે પ્રાયશઃ હિન્દુ ને બીજી કોઈપણ જ્ઞાતિના નથી.૨. એક સ્ત્રી વિવાહ ૩.અયાચકતા અથવા યથાર્થ કહીએ તો અપ્રતિતગૃહિત્વ. એ નાગરોના ઉલ્લેખનીય લક્ષણો છે.

નાગરોની નોખી ભાત પાડતી કેટલીક અનન્ય વિશિષ્ટતાઓ અને કેટલીક વિશિષ્ટ નિરાળી લાક્ષણિકતાઓ આ પ્રમાણે દર્શાવી શકાય.

૧. અસ્મિતા : સ્વમાની અને ખુમારીભર્યું સ્વાર્પણયુક્ત,સંસ્કારી,સ્વાતંત્ર ઝંખતું અને એની આબેહૂબ ઝાંખી કરાવતું ભવ્ય માનસ અને જીવન સત્તા કે સંપતિ સામાન્ય રીતે નાગરને કદી વિચલિત કરી ન શકે.



૨. રૂપ : સહેલાઈથી ઓળખી શકાય એવો ભિન્ન નમણો અને પ્રભાવિત શારિરીક દેખાવ

૩. પોષાક : રૂપ અનુરૂપ અને પ્રસંગોચિત વસ્ત્ર પરિધાન નાગરત્વનું પ્રતિચિત્ર છે.

૪. વાણી : બોલચાલની અદભૂત શૈલી અને છટા એ નાગરત્વનું પ્રમાણ છે. વિશુદ્ધ ભાષા અને શબ્દેશબ્દે વિવેક–વિનયના દર્શન કરાવતી દેખાવ અને પહેરવેશના અનુષંગે સ્પષ્ટ અને પ્રભાવશાળી વાક્છટા નાગરોનું આભૂષણ અને નાગરોને ઓળખવાની આસાન રીત છે.

૫. આચાર આગ્રહ : પ્રણાલિગત આચરણ અને મુળભુત સંસ્કારો ને આદર્શોને ચિરંજીવ રાખવાના આગ્રહ છતાં નાવિન્યસભર જીવનશૈલી નાગરોનું આભૂષણ છે.

૬. આતિથ્ય : આતિથ્ય સત્કારમાં વિનમ્રતા ને શિષ્ટાચારની અદભુતશૈલીથી ઉગતું નાગરત્વ અતિથિ સત્કારની જીવંત ને જ્વલંત ચિનગારી આજે પણ અખંડ છે. સ્વચ્છ અને સુઘડ રહેણીકરણી એટલી જ સ્પષ્ટ હોય કે નાગર ગૃહસ્થને ઓળખવા ભાગ્યે જ મુશ્કેલ બને.

૭. સ્ત્રી સન્માન : એક યશોદાયી વિશિષ્ટતા અન્ય જ્ઞાતિઓ માટે આદર્શરૂપ,ઉદાહરણરૂપ વિશિષ્ટતા નાગરોની ઉલ્લેખનીય બાબત છે.

૮. સ્ત્રી કેળવણી : નાગર કોમમાં કેળવણીનો પ્રશ્ન વિકટ બન્યો નથી. જે યુગમાં શાળાઓ ન હતી તે યુગમાં નાગર સ્ત્રીઓને લખતાં વાંચતા સારી રીતે આવડતું.સંસ્કૃત ભાગવત વાંચી શકે અને મહિમ્ન મોઢે બોલી શકે અને તેમના અક્ષર સારા લહિયાને પણ શરમાવે તેવા સુંદર હતા. અન્ય ભારતીય જ્ઞાતિઓના ઉપલક્ષ્યમાં નાગર જ્ઞાતિમાં સ્ત્રી કેળવણીનું પ્રમાણ ઉત્કૃષ્ઠ છે. જે વિરલ ઘટના ગણી શકાય.

૯. સંસ્કૃતિ : ભારતીય સંસ્કારો અને ભારતીય સંસ્કારોમાં ઉચ્ચતમ આદર્શોનું અમીસિંચન અને

સંસ્કૃતિ/સંસ્કારના વિકાસમાં રાજમાર્ગ સમાન શ્રેષ્ઠ પ્રમાણ અને પ્રદાન નાગરોનું સાચું જવાહર છે.


૧૦. પ્રતિક : કલમ કડછી અને બરછી. કલમમાં કમલ સમાન કલામયતા, આગવી અને રોચક શૈલી, સંસ્કારોના યથેચ્ચિત રંગમિલાવટ કરતી મેઘધનુષીશૈલી. કડછી એટલે આચાર શુદ્ધિ અને આતિથ્ય સત્કારભાવનાનું પરંપરાગત સત્કાર સબરસ અને બરછી એટલે શૌર્ય,મર્દાનગી,સ્વાર્પણ અને રક્ષણનું અજોડ પ્રતિક. આ પ્રતિકો વડે નાગરો વિભુષિત છે.

આ સંદર્ભમાં સંસ્કૃત સુભાષિત ટાંકવાનું મન રોકી શકાતું નથી. જે નીચે મુજબ છે.

વદનં પ્રસાદસદનં સદયં હૃદય સુધામુચે વાચ, કશ્રણં પયોપકરગં યેષાં કેષાં ન તે બન્દા

અર્થાત જેમનું મુખ પ્રસન્નતાનું ઘર છે. હૃદય દયાનું ઘર છે. વાણી અમૃતને વરસાવનારી છે. અને પરોપકાર એજ જેમનું નિત્યકર્મ છે. તેવા મનુષ્યો કોના માટે વંદનીય નથી?

આમ નાગરત્વના પ્રભાવે આજ સુધી પોતાનું વિશિષ્ટપણું જાળવી રહી છે. નાગરોમાં વિદ્યાભ્યાસની ઉચ્ચતમ પ્રણાલિકાનું ગૌરવપૂર્ણ અમી સિંચન,આદર્શધ્યેય અને સંસ્કારોનું પ્રતિબિંબ પાડતી વિશાળ અને આગવી જીવનદ્રષ્ટિ,નમ્રતા,વિવેક,વિનય અને સાદગીના વિશિષ્ટ ગુણોથી વિભુષિત,વિચક્ષણ,વિલક્ષણ અને વ્યવહારકુશળ જ્ઞાતિ તરીકે નાગરોએ તેમની ધ્યાનાકર્ષક નિરાળી લાક્ષણિકતાઓને કારણે આજે સન્માનનીય સ્થાન અદ્વિતિય અને અડગ જાળવી રાખ્યું છે. બુદ્ધિજીવી વર્ગમાં પણ નાગરોએ વિષયને અનુષંગે કે વિષયથી પર ઇતર બાબતો પરત્વે અનન્ય અને સિમાચિન્હરૂપ વિશિષ્ટ પ્રદાન અને પ્રમાણ વડે સામાજિક/કૌટુંબિક ભુમિકાએ પણ એટલું જ માનનીય સ્થાન શોભાવ્યું છે.પરંતુ નાગરોમાં ધીમે ધીમે પ્રવેશતા દેહદુર્બળતા અને દર્દો નાગર કોમને અન્ય કોમોની કક્ષાએ લાવી મૂકે છે.નાગરત્વનું અભિમાન ધરવું સહેલું છે. એ અભિમાન સફળ બનાવવા ફાળો આપવો એ એટલું સહેલું નથી.સહેજે ...ને પરિણામે નાગરોએ જુનો અમુલ્ય વારસાને મેળવ્યો છતાં બીજી કોમોને પડખે નાગરો પાછળ થતા જાય છે. નાગર એ સમાજનો આગેવાન હોય, સમાજનો શ્રેષ્ઠ પુરૂષ હોય,સમાજનો આદર્શ હોય તો તેણે સામાજિક બળોને ઓળખી એ બળોના વાહક થવું પડશે. શ્રી નર્મદે તેમ કર્યું, માટે જ શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇએ તેમને "નાગરત્વનો પ્રતિનિધી" એમ કહી બીરદાવ્યા છે. આ માટે જે સૌંદર્ય તનનું અને મનનું મળ્યું છે તેની જાળવણી કરવી પડશે. કંઠનો મળેલો વૈભવ પણ વિકસાવવો પડશે.જિહવાગ્રે વસેલ સરસ્વતીની પૂજા સતત કરતા રહેવું પડશે. બદલાતા સમય સાથે કદમ મિલાવવા પડશે. પોતાનું નિજત્વ જાળવી રાખીને પ્રલોભનથી અંજાયા વગર આળાપણુ ઓછું કરી સ્વમાનભેર જીવવાની કિંમત ચુકવી આગળ વધવું પડશે.



જ્ઞાતિને ગંગા કહી છે એમાં અપવિત્ર ચીજ વસ્તુઓ કે પ્રવાહ ભળે તો તે જેમ પવિત્ર થઈ જાય છે તેમ આ જ્ઞાતિમાં પવિત્રતાનો આંક એટલો ઊંચો રાખવો પડશે. સમાજને ઊંચે લઈ જવાનું કામ તો ગોવર્ધન પર્વત ઊંચકવા સમાન છે, એ કામ પુર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું છે પણ એમ કહી આપણાથી બેસી રહેવાય નહિં એ કામ નાગરોનું પણ છે.નાગરનર હારે નહિં કારણ કે નાગરો પાસે મુળભુત સંસ્કારધન છે એને ઓળખી એનામાં વિશ્વાસ રાખી શ્રદ્ધા કેળવી ઉભા રહેવાનું છે.

(પાના–૨નું ચાલુ) નવલકથાના ક્ષેત્રમાં ગુજરાતીની પ્રથમ કૃતિ 'કરણઘેલો' ગણાય છે,એ સુરતના નંદશંકરે લખી હતી. નવલકથાના પિતામહ અને 'સરસ્વતીચંદ્ર'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી નડિયાદના નાગર હતા. રમણલાલ વસંતલાલ દેસાઈ આધુનિક ગુજરાતી નવલકથાના જન્મદાતા પણ નાગર હતા.ટૂંકી વાર્તાની દુનિયામાં પ્રથમ વાર્તાકાર રમણલાલ મહિપતલાલ નીલકંઠ બહુ નાની વયે અવસાન પામ્યા. પણ સાહિત્યમાં મલયાનિલ 'ગોવાળણી' કૃતિ તેમજ ગુજરાતીની પ્રથમ સંપૂર્ણ હાસ્ય નવલકથા 'ભદ્રંભદ્ર' કૃતિ અને તે દ્વારા તેઓ પણ અમર થઈ ગયા. હાસ્યની દુનિયામાં પણ નાગરો છવાઈ ગયા છે–જેમાં ગગનવિહારી મહેતા, હાસ્ય સમ્રાટ જ્યોતિન્દ્ર દવે,'મસ્ત ફકીર' બકુલ ત્રિપાઠી, પ્રબોધ જોષી, તારક મહેતા,ઉપરાંત કટાક્ષ ચિત્ર ક્ષેત્રે રમેશ બૂચ તથા લલિત બૂચનો સમાવેશ થાય છે.

અમદાવાદના કાપડ ઉદ્યોગના પિતા રણછોડલાલ છોટાલાલે ૧૯૬૧માં પહેલી મીલ સ્થાપી હતી.એમના જ પરિવારમાં ચીનુભાઇ બેરોનેટ થયા. સર લલ્લુભાઇ બીજું એક યશસ્વી નામ.

સૌરાષ્ટ્રના રાજકારણમાં શકિતશાળી દીવાનો ગૌરીશંકર ઓઝા, ગોકુળજી ઝાલા, અમરજી દીવાન, શામળદાસ કોલેજ જેમના નામથી જાણીતી છે એ શામળદાસ દીવાન, પ્રભાશંકર પટ્ટણી, નર્મદના ભાઇ સૂર્યશંકર પણ દીવાન હતા, એક બહુ ઊંચું નામ રત્નમણિરાવ ભીમરાવ, આજના રાજકારણના નામોથી બધા જ પરિચિત છે... ઉછરંગરાય ઢેબર,ગુજરાતના મજુરનેતા ઈન્દુલાલ યાજ્ઞિક,હરિયાણાના રાજ્યપાલ જયસુખલાલ હાથી, હિતેન્દ્ર દેસાઈ,હંસાબેન મહેતા,મહારાષ્ટ્રની કો– ઓપરેટિવ પ્રવૃત્તિના પિતા વૈકુંઠભાઇ મહેતા તથા ભારતના અમેરિકાના રાજદૂત એમના ભાઇ ગગન વિહારી મહેતા.

દેશી રાજ્યોના વિલિનીકરણ વખતે સરદાર પટેલના આર સી એસ. સહકારી અધિકારી એન. એમ. બુચ, કુશાગ્ર બુદ્ધિશાળી મુત્સદી કુંદનલાલ ધોળકિયા એક સમયના સ્પીકર હતા.

વિદ્વાનો અને સુધારકો હરસિદ્ધભાઇ દિવેટીયા,દુર્ગારામ મહેતા,ભોળાનાથ સારાભાઇ, મહિપતરામ, સમાજશાસ્ત્રી અક્ષયકુમાર ૨.દેસાઈ આંતર– રાષ્ટ્રીય કક્ષાના વિદ્વાન, તૈલચિત્ર કક્ષામાં શંભુપ્રસાદ બૂચ અને અંગ્રેજી પત્રકારત્વમાં હરીશ શંભુપ્રસાદ બૂચ જેવા અનેક નામાંકિત વ્યકિતવિશેષ થઈ ગયા. શિક્ષણ ક્ષેત્રે નાગરોનું પ્રદાન યશસ્વી છે..નાનાભાઇ ભટ્ટે ભાવનગર પાસે લોકભારતી અને દક્ષિણા મૂર્તિ શરૂ કર્યા. જામનગર પાસેની ગંગાજળા વિદ્યાપીઠના સ્થાપક ડોલરરાય માંકડ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ હતા. હંસાબેન મહેતાએ પણ શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ સેવા આપી હતી.

ગુજરાતમાં આયુર્વેદના જનક ઝંડુ ભટ્ટ જામનગર રાજ્યના રાજવૈદ્ય હતા. હાડકાના દર્દોના આંતરરાષ્ટ્રીય ઓર્થોપેડિક સર્જન ડો. કે. ટી. ધોળકિયા અને જસલોક હોસ્પિટલના ચીફ ડો. ટી.એચ. રીંડાણી. તાનસેનને શિકસ્ત આપનાર બૈજુ બાવરો ચાંપાનેરના નાગર બૈજનાથ હતા. તેમણે રાગ માલકૌંસને અમર બનાવ્યો અને તાનસેનના દીપક રાગની આગને ઠંડી પાડનાર તાના–રીરી બહેનો વડનગરની નાગર કન્યા હતી. આધુનિક સંગીતના ક્ષેત્રે ગુજરાતી ઘર ઘરમાં લોકપ્રિય એવા અવિનાશ વ્યાસ.નીનુ મઝુમદાર અને કૌમુદી મુનશી,દિલીપ ધોળકિયા, રેડિયોના વિનાયક વ્હોરા,ક્ષેમુ દિવેટીયા, ગુજરાતી ગરબાની દુનિયાની એકમાત્ર હસ્તી વીણા મહેતા,જાણીતી અભિનેત્રી મીનળ મહેતા અને પત્રકારત્વના હરિન મહેતા જેવા અનેક સમાવિષ્ટ છે. ક્રિકેટમાં નાગરોને અમરત્વ આપનાર વિનુ માંકડ (મૂળ નામ મુળવંતરાય માંકડ) બાદમાં તેમના પુત્ર અશોક માંકડ. બંદૂકની નિશાનીબાજીમાં ઉદયન ચીનુભાઇએ ૧૯૬૨થી ૧૯૭૦ સુધી શૂટિંગની આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

●~●~●~●

# ઋતુરાજની વધામણી : વસંતપંચમી

**યુવાની એ જીવનની વસંત છે...મોહક અને ચંચળ, ગાંડી ને ઉદાર.**

**કુદરતમાં નવજીવન આવે છે. યુવાન દેહની નસેનસમાં નવું ચેતન સ્ફુરે છે. ઋતુરાજનું આગમન છે. યુવાનીનું મુહૂર્ત છે.**

વસંત તો દર વર્ષે આવે છે, નિયમિત આવે છે. હમેશાં આવી છે એ રીતે ફરીથી આવી જાય છે. અને તોય આપણે દર વર્ષે નવી ઉત્સુકતાથી ને તાજા આનંદથી એની રાહ જોઈએ છીએ. નિત્ય અજાયબી છે. શાશ્વત નવીનતા છે.

અને યુવાની પણ દરેક માણસના જીવનમાં આવે છે. નિયત કાળે આવે છે. બીજાઓના જીવનમાં આવી હતી એ રીતે મારા જીવનમાં પણ આવી. અને મારા જીવનમાં આવી એ રીત નવા યુવાનોના જીવનમાં પણ આવે છે. તોપણ કોઈ નવા કિશોરના જીવનમાં યુવાની આવે છે ત્યારે નવા આશ્ચર્ય ને માન ને આનંદથી એની તરફ જોતા રહીએ છીએ. નૂતન ચમત્કાર છે. અનંત લહાવો છે.

ને આ યુવાન માણસ જ્યારે પોતાના દેહમાં નવી સ્ફૂર્તિ અનુભવે ને પોતાના મનમાં નવી મૂંઝવણો જુએ, જ્યારે એના દિલમાં નવી શકિત ઉદય પામે અને એના અંગેઅંગમાં નવો સળવળાટ પ્રસરે ત્યારે એને પણ નવાઈ ને ઉલ્લાસ ને ગભરામણ ને ગર્વ થાય. ને એનો અર્થ શો કરવો એ એને સમજાતું નથી. હવે આગળ શું કરવું એ તે નકકી કરી શકતો નથી. યુવાનીનો કોયડો જલદી એને હાથે ઉકેલાતો નથી.

યુવાન માણસ પોતાના કોયડા તરફ જુએ, પોતાના અંતર તરફ જુએ ત્યારે એને કંઈ સમજાતું નથી. તો એ હવે જરા બહાર તરફ નજર કરે તો ? કુદરતના કોયડા તરફ જુએ તો ? વસંતના પ્રશ્ન એ સમજશે તો પોતાનો પ્રશ્ન આપોઆપ સમજાઈ જશે. ફૂલને ખીલતાં શું લાગે છે, પવનને વહેતાં શું થાય છે ? સુગંધનું રહસ્ય શું, લહેરીઓનું લક્ષ શું? પક્ષીઓના ગાનનો અર્થ શો ? સૂર્યકિરણોનો સંદેશ શો ? ધરતી ઉપર એકદમ નવું જીવન પાંગરે ત્યારે ધરતીને શું લાગે ? સમગ્ર સૃષ્ટિ શું કરે ? વસંતનો પ્રશ્ન છે. યુવાનીનો પ્રશ્ન છે. કુદરતનો પ્રશ્ન સમજીને યુવાન માણસ પોતાના જીવનનો પ્રશ્ન સમજી શકશે. વસંતના સંગીત સાથે હૃદયવીણાના તાર મિલાવીને નવજુવાન પોતાના જીવનનું ગીત ગાઈ શકશે.



કેટલાક પ્રાંતમાં વસંતપંચમીને દિવસે કાગળનો બિલકુલ ઉપયોગ ન કરવાનો રિવાજ છે. લખવાનું બંધ ને વાંચવાનુંય બંધ. એ દિવસે ઘેર તાર આવે તો એ રાખીને મધરાત પછી જ વાંચવાનો આગ્રહ પણ છે અને કંઈ લખવાની ફરજ પડે તો પથ્થર ઉપર કોલસાથી જ લખવાનો ઉપાય લેવાય. વસંતના આગમનને દિવસે કાગળ ને પુસ્તકો ને લખાણથી દૂર રહેવાનો આદેશ છે, તો શું એનો મર્મ એ ન હોય કે રોજના અભ્યાસ–ધંધામાંથી ને રોજનાં છાપાં–ટપાલ–હિસાબના વૈતરાંમાંથી નજર ઊંચી કરીને જરા બહાર જોઈએ, કુદરત તરફ જોઈએ, વસંત તરફ જોઈએ અને એની પ્રેરણાથી આપણા જીવનમાં પણ તાજગી અને ઉત્સાહ લાવીએ ? આપણે વાંચવાનું ને લખવાનું ભલે ચાલુ રાખીએ, પણ વસંતના પાઠ શીખવા જરૂર પ્રયત્ન કરીએ.

વસંત સુંદર છે, મોહક છે. બધાંને ગમે છે, બધાને આકર્ષે છે. શિયાળાની ઠંડી નથી, ઉનાળાની

ગરમી નથી. વાવેતરનો શ્રમ નથી, લલણીની મજૂરી નથી. લીલાં ખેતર, ખુશનુમા હવા, નિરભ્ર આકાશ. યુવાની પણ આકર્ષક છે. સૌ કોઈને ગમે છે. નાનો છોકરો એની રાહ જુએ છે. ઘરડો માણસ એને યાદ કરે છે. બંને યુવાન માણસની ઈર્ષા કરે છેઃ 'હું મોટાભાઈ જેવો કયારે થઈશ? અથવા 'હું તારા જેવો યુવાન હતો ત્યારે'..ફકત એ યુવાન માણસ પોતે પોતાની યુવાનીની કદર કરતો નથી, એની પૂરી કિંમત સમજતો નથી.

છોકરો પોતાની ઉંમર કહે ત્યારે હિસાબમાં એકાદ વર્ષ વધારે નાખીને કહે. પ્રૌઢ માણસ પોતાની ઉંમર કહે ત્યારે થોડાં વર્ષ ઓછાં કરીને કહે. બંનેની દ્રષ્ટિ યુવાની તરફ છે. એકને એમાં જલદી પહોંચવું છે. બીજાને એમાં કાયમ રહેવું છે, શકય હોય તો એમાં પાછા જવું છે. પણ એમાં પહોંચી ચૂકેલો અને આજે ભરજુવાનીમાં આવેલો યુવાન તો એમાં અસ્વસ્થ છે, અધીરો છે, અસંતુષ્ટ છે.

ને એનું કારણ છેઃ યુવાની મોહક છે પણ ચંચળ પણ છે. અસ્થિર, અશાંત, બેચેન પણ છે.

હા, વસંત પણ ચંચળ છે...વસંતમાં નિયમ નથી, ક્રમ નથી, સ્થિરતા નથી. વસંત મનમોજી છે, સ્વચ્છંદી છે, સ્વૈરવિહારી છે. શિયાળામાં ઠંડા પવન વાય, ઉત્તરથી પવન વાય. ઉનાળામાં ગરમ પવન વાય, દક્ષિણથી પવન વાય. પણ વસંતમાં ઘડીક ઠંડો ને ઘડીક ગરમ પવન વાય, ઘડીક ઉત્તરથી ને ઘડીક દક્ષિણથી, અરે, ચારે દિશાએથી વાય. એકધારો તાપ નથી, એકધારી ઠંડી નથીઃ એકધારો વરસાદ નથી, એકધારો તડકો નથી. કહેવાય નહિ. બંધાય નહિ. વસંત એ બે સ્થિર ઋતુ વચ્ચેનો સેતુ છે, કડી છે, માટે બંનેનાં લક્ષણ એમાં આવે છે, મિશ્રિત થાય છે.

યુવાની પણ સેતુ છે. બાળક ને પુરુષ વચ્ચે, બાળપણ ને પ્રૌઢતા વચ્ચે. તેથી એમાં બંનેનાં લક્ષણ છે, શંભુમેળો છે. ઘડીક ઉલ્લાસ ને ઘડીક નિરાશા. ઘડીક છોકરવાદ ને ઘડીક ગંભીરતા. પવન ગમે ત્યાંથી વાય. લહેર ગમે ત્યાં ઊડે. ને યુવાન માણસ એની વચ્ચે અથડાય, કુટાય. હું કોણ ? હું કેવો ? ઘેર હજુ મને 'બાબો' કહે છે, પણ પોળમાં હું મંડળનો મંત્રી ચૂંટાયો છું. હોઠ ઉપર મૂછ નથી પણ દિલમાં પ્રબળ વાસના છે. ખિસ્સામાં પૈસા નથી પણ મનમાં ઉચ્ચ મહત્વાકાંક્ષા છે. મોટેરાઓની વાતોમાં રસ પડે છે, પણ છોકરાઓની રમતોમાં પણ રસ પડે છે. મિશ્રણ છે, અથડામણ છે, સંક્રાંતિ છે. હા, યુવાની છે, પરિવર્તનનો કાળ છે. ચંચળતાની ઋતુ છે. આશ્વાસન એટલું જ કે વસંતની લહેર વિના ઉનાળાની સ્થિરતા ન આવે...ને વસંતનું હજુ બીજું લક્ષણ. વસંત ઉદાર છે. ઉડાઉ જ છે. ફૂલો આપે તે હજારો આપે, બીજ આપે તે કરોડો આપે. કેટલાં ખોવાઈ જશે એની ચિંતા નહિ. કેટલાં કરમાઈ જશે એની પરવા નહિ. આપે તે છૂટે હાથે આપે, ગણ્યા વગર આપે, ઉદાર દિલથી આપે.

યુવાની પણ ઉદાર છે, દાનશીલ છે, બલિદાનધર્મી છે. તે કરકસર કરતાં હજુ શીખી નથી, ને કંજૂસાઈ કરવી એના સ્વભાવમાં જ નથી. તે આપે ત્યારે આખું આપે, પૂરું આપે, ગણ્યા વગર આપે, તોળ્યા વગર આપે. આપવામાં જ ધન્યતા છે. વસંતની જેમ કુદરતનું દાન કરવામાં જીવનની સાર્થકતા છે.

એ લક્ષણ જો યુવાન માણસ પોતાના દિલમાં ઓળખે, કેળવે, વિકસાવે તો એની યુવાની ખરેખર મંગળ થશે,અને મૂંઝવણમાં નાખનારાં બીજા લક્ષણ અપલક્ષણની ભુલભુલામણીમાંથી એ વિજયવંત નીકળી શકશે. ઉદારતા, વિશાળતા, પ્રેમ કરવામાં, વિશ્વાસ કરવામાં સેવા કરવામાં.એ યુવાનીનો સંસ્કાર છે...એ જીવનનો ધર્મ છે...એ વસંતઋતુમાં કુદરતનો પરચો છે.

ઋતુરાજની વધામણી ખાઈને તેનો એ મંગળ સંદેશ ફૂલોને પક્ષીઓ ને લહેરીઓ ને ઝરણીઓની પાસે શીખીએ અને તે જીવનમાં ઝીલતા રહીએ. (ફાધર વાલેસના પુસ્તક 'પર્વોત્સવ'માંથી સાભાર).

સુજ્ઞ જ્ઞાતિજનો, માનવના દેહાવસાન સમયે શાસ્ત્રોક્ત વિધિ માટે ક્યારેક બ્રાહ્મણની ઉપલબ્ધિ શક્ય બનતી નથી આવા વખતે શાસ્ત્રોક્ત વિધિ કોઈપણ વ્યકિત સંપન્ન કરાવી શકે તે આશયથી આદરણીય ગુરૂ શ્રી અજીતરામભાઇ પી. ઓઝાએ આ વિધિને શાસ્ત્રોક્ત રૂપ આપ્યું છે.વિશાળ અને દૂરસૂદૂર વસતા જ્ઞાતિજનોના શ્રેયાર્થે આ વિધિનું સંકલન કરનાર ડો. ભદ્રાયુ વિનાયક વછરાજાનીની વિનંતીને માન્ય રાખી અત્રે પ્રકાશિત કરી રહયા છીએ.–તંત્રી

(સૌનું હિત ઈચ્છનાર પરોપજીવી જ્ઞાતિ અને સમાજ સેવક–સુધારક,બરછીને પણ આશરે ર દાયકા સુધી અનન્ય સેવા આપનાર સ્વ.મુ. ભરતભાઇ મહેતા આશરે ત્રણેક વર્ષ પહેલાં, નવેમ્બર–૧૯૯૫ –૨૫ વર્ષ પહેલાં–નો પોતે સાચવેલો અંક લઈને કાર્યાલયે આવ્યા અને અંત્યેષ્ઠિ અંગેનો આ માહિતી લેખ ફરીથી છાપવા વિનંતી કરી આપી ગયા. જે આજ સધી તો ફાઇલમાં રહયો પરંતુ હવેના સમયમાં આ માહિતી વધુ જરૂરી ને ઉપયોગી બની શકે તેમ વિચારી મુ. ભરતભાઇને સ્મણાંજલિ રૂપે તે સમયની ઉપરોક્ત નોંધ સાથે સ્વ. મુ. અજીતભાઇ અને પ્રિય ભદ્રાયુભાઇને વંદન સાથે સાભાર પુનઃ પ્રકાશિત કરી રહયા છીએ. –તંત્રી)

## અંત્યેષ્ટિ વિધિ : ષટપિંડ વિધિ :

<u>આ વિધિમાં આટલી વાત આવે :</u>

(૧) સંકલ્પ (૨) અવનેનિજમ્ (પીડ મૂકતાં પહેલા પાણી છાંટવું)
(૩) પ્રત્યવને નિજમ્ (પીડ મૂકતાં પછી જળસિંચન) (૪) છ (સાત પીડ)
ઉત્ક્રાન્તો જીવ જાય ત્યારે દ્વારદેશે ચત્વરે,વિશ્રાન્તૌ,અગ્નિસ્થાને,શબહસ્તે,અસ્થિસંચય નિમિત્તકઃ
ધ્યાન : અપવિત્રો પવિત્રો વા સર્વાવસ્થાં ચતોપિવા યઃ સ્મરેત્ પુંડરિકાક્ષં સઃ બાહ્યાન્તર સુચિઃ
ઈદં વિષ્ણુઃ વિચક્રમે ત્રેધાનિદધે પદમ્ સમૂઢમસ્યપાંસુરે ।। મધુવાતાઃ સતાયતે મધુકારન્તિ સિંઘવઃ ।।
માધ્વીનઃ સન્તોષધિઃ । મધુનકતમુતોસસો મધુમત પાર્થિનં રજઃ । મધુદ્યૌરસ્તુનૌ પિતા મધુમાન્નો વનસ્પતિઃ
મધુમાનસ્તુ સૂર્યઃ માર્ધ્વીગાવો ભવન્તુતઃ । મધુ મધુ મધુ
સંકલ્પ :– ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુંરેણ્યં, ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।
અત્રાદ્ય અત્રાદ્ય મહામાંગલ્યપ્રદે માસોતમે માસે.............માસે........પક્ષે.........તિથૌ......
વાસરે યથા વર્તમાન યોગ કરણ નક્ષત્ર ગ્રહ ગ્રહણ મુહૂર્ત સંવાયૈ.......ગોત્રસ્ય.......શર્મણઃ.......
પ્રેતાય (અપસવ્યં) ષટપિંડ વિધિ અહમ્ કરિષ્યે ।। (સત્યમ્)
પિંડદાન :– (૧) ઉત્ક્રાન્ત નિમિતં – પ્રેત અવનેનિક્ષ્યઃ અવનેનિક્ષ્ય,અવનેનિક્ષ્ય – ગોત્રસ્ય (ગોત્રાયાઃ) શર્મણઃ પ્રેત ઉત્ક્રાન્તૌ શબનિમિત્તકઃ એષઃ તે પિંડઃ । પ્રત્યવને જનમ્ – પ્રત્યવને નિશ્રસ્વ
(૨) ..........ગોત્રસ્ય............શર્મણઃ પ્રેત દ્વારદેશે પાંથનિમિત્તકઃ એષઃ તે પિંડઃ । અવનેનિક્ષ્વ
(૩) (પિંડ મૂકતાં પહેલા બોલવું) પ્રત્યવનેનિક્ષ્વ (૩) (પિંડ મૂકતા પછી બોલવું ) (૩).......... ગોત્રસ્ય...........શર્મણઃ પ્રેત ચત્વરે(ચૌટામાં) એવર નિમિત્તકઃ એષઃ તે પિંડઃ । અવનેનિક્ષ્વ (પિંડ મૂકતાં પહેલા) પ્રત્યવનેનિક્ષ્વ (૩)(પિંડ મૂકતા પછી બોલવું )
(૪) ........ગોત્રસ્ય.......શર્મણઃ પ્રેત વિશ્રાન્તૌ (વિશ્રાન્તિ સ્થાન) ભૂત નિમિત્તકઃ એષઃ તે પિંડઃ ।। અવનેનિક્ષ્વ (૩)........(પિંડ મૂકતાં પહેલા) પ્રત્યવનેનિક્ષ્વ (૩)..........(પિંડ મૂકતા પછી બોલવું )

(૫) ..........ગોત્રસ્ય............શર્મણઃ પ્રેત ચિતા સ્થાને વાયુઃ નિમિતયઃ એષઃ તે પિંડ ॥ અવનેનિક્ષ્વ (૩) પ્રત્યવનેનિક્ષ્વ (૩)

(૬) ..........ગોત્રસ્ય............શર્મણઃ પ્રેત શબહસ્તે સાધક નિમિત્તકઃ એષઃ તે પિંડઃ ॥ અવનેનિક્ષ્વ (૩) પ્રત્યવનેનિક્ષ્વ (૩) પહેલા ચાર પિંડ ઘેરે મૂકવા. શબનું માથું ઉત્તર દિશામાં. ક્રિયા કરનારનું મોઢું દક્ષિણ દિશામાં રાખી પિંડદાન કરવું.(સામવેદી માટે આનાથી વિરૂધ્ધ કરવું) આ ચાર પિંડ પવિત્ર જળમાં પધરાવવા.

છેલ્લા બે પિંડ સ્મશાનભૂમિમાં જઈ પછી મૂકવા. પિંડ ઘઉ કે ચોખાના લોટના કરવા તેમાં થોડું ઘી અને તલ નાખવા.

પિંડનો ક્રમ બરાબર જાળવવો. અગ્નિદાહ પૂરો થયા પછી દૂધની ત્રણ અંજલિ આપી અસ્થિ એકઠા કરવા.આ અસ્થિ અસ્થિસંચયના પિંડમાં ખોસવા.

ગોત્રસ્ય (ગોત્રાયાઃ) શર્મણઃ,પ્રેત અસ્થિસંચય નિમિત્તકઃ એષઃ તે પિંડઃ।

બાદ શેષ અસ્થિ કુયડીમાં મૂકી લઈ જવા. તે કોઈ પવિત્ર સ્થળ(સંગમ,દામોદરકુંડ કે કાશી હરિદ્વાર) માં પધરાવવા. ચિતા પર શબને મૂકતાં પહેલાં તે સ્થળ પવિત્ર કરવું.

યમેઃ પારસસંમૂધ્ય (૩) ગોમયન ઉપલિપ્ય(૩)

અનામિકા ગુષ્ટન ઉલ્લિખય(૩) કુશેન ઉદ્ધત્ય(૩) ઉદકનાભ્યુક્ષ્ય

ધ્યાનઃ અગ્નિ પ્રણયામિ મનસા શિવનાયં મનો વષૂનામ્ ॥ માનો હિસિઃ સ્થવિર મા કુમારં શં નો ભવ દ્વિપદે ચતુષ્પદે ॥ ચત્વારિ શૃગાઃ બધો ઋષભા શેરવિતિ । મહોયેવોમત્યા આવિવેશ ॥ પાવકનામ્ને વૈશ્રનરાય ઈદં ચંદનમ્ પુષ્પમ્ ॥ સકુશોદકેન પર્યુક્ષણમ્ બાદ શબને ચિતામાં પધરાવવું.

---

**સુવિચાર :** સંકલન : ડાકોરભાઇ ત્રિવેદી, રાજકોટ.

- ✧ સારા મિત્ર તમને સારો બનાવશે, ખરાબ મિત્ર તમને બગાડી મૂકશે.
- ✧ જે માણસ પોતાનું ધન કોઈને પણ આપતો નથી તે પાપ ખાય છે.
- ✧ ચારિત્ર જ મનુષ્યની સૌથી મોટી મિલ્કત છે. ચરિત્રહીન વ્યકિત કોઈપણ ક્ષેત્રે નુકશાનકર્તા છે.
- ✧ મનની શાંતિ સિવાયની કોઈપણ સફળતા તે સફળતા નથી.
- ✧ આપણી જરૂરીયાત જેટલી ઓછી થતી જાય છે તેમ આપણે ઈશ્વરની નજીક જઈએ છીએ.
- ✧ હજી વધુ કઠણ સમય આવે છે માટે નિતિ ધર્મથી વર્તીએ ને પ્રભુ સ્મરણ કરીએ.
- ✧ ઊંચે બેઠેલ કે નીચે કચડાયેલ સાફ સુફી કે પછી માટીમાં રગદોળાયેલ દરેક વ્યકિત અમૂલ્ય જ હોય છે. અને રહે છે. પોતાની જાતને કયારેય નીચી ન ગણવી,એટલું હંમેશાં યાદ રાખવું કે આપણે વિશેષ છીએ..ખાસ છીએ, અને અમૂલ્ય પણ છીએ !
- ✧ અંગ્રેજીમાં એક કહેવત છે Look before you leap કૂદકો મારતાં પહેલાં જોઈ લેવું સારૂં.
- ✧ એક સુંદર અને પવિત્ર હૃદય આપણી જિંદગીને એટલી ઉત્તમ બનાવી શકે જે આખી દુનિયાની સંપતિથી પણ શકય ન બને.
- ✧ અંગ્રેજીમાં એક એવી કહેવત છે કે Evil begets evil કોઈનું ખરાબ કરીએ તો આપણે પણ એ ચક્રના દાંતામાં કયારેક તો ફસાવાના જ,એમાં કોઈ છૂટકો જ નથી.

## લગ્નના હાલારી નાગરી રીત રિવાજો :

(નાગર જ્ઞાતિમાં યજ્ઞોપવિત તથા લગ્ન પ્રસંગે નાગરી રીત પ્રમાણે જૂના રીત રિવાજો અને તેના વિશિષ્ટ નામો વિસરાતાં જાય છે. આપણા ઘણા વડીલો તરફથી અમને સૂચન મળે છે કે આ રિવાજોની જાણ બરછીના માધ્યમથી છાપવામાં આવે તો સૌને ઉપયોગી થઈ શકે. આપણા રીત રિવાજો પરંપરા જળવાય રહે તે ઉદ્દેશથી ચાલીસેક વર્ષ પહેલાં સ્વ. મનોરમાબેન વસાવડા દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તક 'નાગરી રીત રિવાજો અને જનોઈ તથા લગ્નનાં ગીતો' માંથી વડોદરા સ્થિત શ્રી જયંતભાઇ હાથીએ સંકલિત કરી લખી મોકલી છે. જેને અત્રે સ્થાન આપી રહયા છીએ.નોંધ : શબ્દો જૂના જ વાપરીને તેના અર્થ આપ્યા છે. આજે કલ્પી શકાય નહી તેવી વહેવારની રકમ જે તે સમયની જ લખી જ છે —તંત્રી)



<u>સગાઈ</u> : અગાઉના સમયમાં બંને પક્ષો બહારગામ હોય તો સગાઈ પત્ર દ્વારા અથવા તારથી નકકી થતી. પણ બંને પક્ષો ગામમાં જ હોય તો સારો દિવસ અને ચોઘડિયું જોઈ કન્યાની ફઈ વરને ઘેર ચાંદલો કરવા રૂબરૂ જાય. ત્યારે કન્યાની ફઈને રૂા. ૯/—અને ફઈના છોકરાઓને રૂા. ૨/—અપાતા. સગાઈ જાહેર થયા પછી વર પક્ષ તરફથી કન્યા પક્ષવાળાને તેના વેવાઇવેલા પાડ ચડાવવા જાય જેને માટે ખોળા પાથરવા શબ્દ પણ પ્રચલિત છે. વર કન્યાનું મો જોયાના પૈસા તથા મીઠાઈ અપાય. કન્યા પક્ષ શકિત પ્રમાણે સ્વાગત કરે. ત્યારબાદ સમોરતા કરે. પહેલા કન્યાના સમોરતા થાય ને સાડી દાગીના વગેરે વહેવાર કરે. વરને ચાંદલો કરી જમાડે અને રૂા. ૧૧/— આપે.

(૧) <u>લગ્નના મુરત જોવરાવવા</u> : કન્યા પક્ષવાળા ગોરને બોલાવી લગ્નના મુરત જોવરાવે ને તે દિવસે ઘરમાં કંસાર રંધાય.

(૨) <u>કંકોત્રી</u> : કંકુ છાંટી કંકોત્રી મોકલાય અને પ્રથમ કંકોત્રી કુળદેવીના ચરણમાં મૂકી શુકન કરાય.

(૩) <u>મગના મુરત</u> : ચાર સુહાગનો સુપડામાં મગ ભરી લગ્નનાં ગીતો ગાય અને ત્યાર પછી જ લગ્નની વસ્તુઓની ખરીદી થાય.

(૪) <u>રાંદલ/જાગ તેડવાં</u> : મોટો દીકરો કે દીકરીના લગ્ન વખતે તથા મોટા દીકરાના યજ્ઞોપવિત વખતે રાંદલ કે જાગ તેડવાની પ્રથા છે. જાગ માત્ર હાથી અને ઘોળકિયામાં જ તેડાય છે, બાકી બધાને રાંદલ તેડાય છે.

(૫) <u>વૃદ્ધિશ્રાધ્ધ</u> : લગ્નના આઠ દિવસ પહેલાં આ શ્રાદ્ધ કરવામાં આવે છે. લગ્ન પહેલાં સુતક પડે તો પણ લગ્ન થઈ શકે. કુટુંબની વહુવારૂઓએ પણઝાર કરવો એટલે કે માટીના ઘડામાં પૈસા મૂકી ગોરને આપવો. ત્યારબાદ ફઈ પાસે અવિંગ એટલે કે ગોળને પાવલું લઈ ગણપતિનું પૂજન કરવું.

(૬) <u>માળાના મુરત</u> : વર પક્ષ ને કન્યા પક્ષ બંને એક જ દિવસે માળાના મુરત કરવાં.પહેલા મામી માળા પહેરાવે પછી ફઈ પહેરાવે અને ત્યાર પછી કાકી, માસી,બહેન પહેરાવે. મીઠાઈ અને રોકડા પૈસા આપવાનો રિવાજ છે.



(૭) <u>સાંજી</u> : લગ્નના બે ત્રણ દિવસ પહેલા ઘરની સ્ત્રીઓ રોજ સાંજે લગ્નના ગીતો ગાય તેને સાંજી કહે છે.

(૮) <u>માંડવાના મુરત</u> : મંડપ છાયા

કરી માણેક સ્તંભ રોપવો. પછી મંડપ મૂરત કરવાં. ચાર સુહાગણો આવી વધાવે. ત્યારબાદ કન્યાને માંડવામાં બેસાડી પીઠી ચોળવામાં આવે છે. (હલ્દીની રસમ)

(૯) <u>ચાક વધાવવો</u> : મંડપારોપણ પછી ચાક વધાવવો એટલે કે કુંભારને ત્યાં જઈ જેના ઉપર વાસણો બનતાં હોય તેને ચાક કહે છે, તેનું પૂજન કરવું.સવા કિલો ઘઉં,પાંચ સોપારી અને સવા રૂપિયો કુંભારને આપવો અને ચાર નોણીયા એટલે કે માટીના નાના ચાર ઘડા લેવા.ઘરની સ્ત્રીઓ આ પૂજન કરવા જાય છે.

(૧૦) <u>વર નવરાવવો –ખોબો અબોખો</u> : લગ્નના દિવસે વરઘોડિયું વર નવરાવવા જાય. એક નોણીયામાં કન્યાનાં જમણા પગનો અંગૂઠો ધોઈ તે દૂધ અને પાણીથી ભરવો. બીજા નોણીયામાં પણ પાણી ભરવું.વરના હાથમાં દુધ અને પાણીથી ભરેલી ઝારી ઉપર શ્રીફળ મૂકી આપવું. વહૂના હાથમાં થાળીમાં ખાંડ અને પાવલું,પીઠી પાનેતર ચાંદીની જનોઈ અને વીટી આપવી, સાથે એક બાજોઠ પણ આપવો.

(૧૧) <u>મોસાળું</u> : મામા તરફથી કન્યાને કરવામાં આવતો વહેવાર કપડાં,દાગીના વગેરે માંડવામાં દેવાય છે.

(૧૨) <u>જોણું કાંઠલો</u> : કાંઠલામાં વર પક્ષ તરફથી કન્યાને સાડી બ્લાઉઝ ચણીયો,કાનની કડી,હાથની ચૂડી, સાંકળા અને સોનાની ચેઇન આપે છે. ઘીનો વાટકો અને ખજુર/ખારેક મોકલે.વર પક્ષે કન્યાના પિતાને રૂા. ૧૬.૨૫ બેસરામણીના શુકનના આપવા.

(૧૩) <u>જોણું</u> : વરપક્ષે કન્યાને ઘેર જવાનું અને છાબમાં સાત સાડી, ચુંદડી ચીર માટે સાડી, ખોળો ભર્યાની સાડી, દસવાલાની સાડી, વટસાવિત્રીની સાડી,ચણિયો,બ્લાઉઝ તથા શકિત પ્રમાણે દાગીના કરવાં. નાકની ચૂંક અવશ્ય કરવી. સુકોમેવો, અખરોટ,બદામ,સિન્દુર કંકુનો પડો,પાન નંગ ૫૦, સાકરના પડા બે,ફુલનો હાર એક અને રોકડા રૂા.૩.૫૦ આપવા ચાર ટોપરાના વાટકા અને કન્યાને ખોળે બેસાડવાના રૂા. ૨/–આપવા. જોણું આપીને વરપક્ષવાળા પાછાં આવે પછી કન્યાને પાનેતર પહેરાવવું. પછી કન્યા ગોર પૂજે ત્યારે કુંવાની છબી રાખવી.ઘીનો દીવો કરવો, રકાબીમાં ગોર મૂકવી અને જોણામાં આવેલ સિન્દુરથી ગોર પૂજવી.

(૧૪) <u>વરઘોડો</u> : વરપક્ષ વરઘોડો કાઢી કન્યાપક્ષને ઘરે પરણવા આવશે ત્યારે સાસુ વરને પોંખશે.

(૧૫) <u>વર પોંખવો</u> : પોંખવાની થાળીમાં ત્રાક (સુતરની આંટી બનાવવાનું સાધન)રવાઇ,રાખના ચાર મૂઠીયાં,કન્યાનું બ્લાઉઝ,પાણીનો લોટો, ચોખા, ફુલનો હાર મૂકવાં. ચીરોટાની થાળીમાં ખાંડ અતલસ (રેશમી કપડું)સંપૂટ (નાડાછડીથી બાંધેલાં બે કોડિયાં) ઘઉના લોટનો શીરો કરવો. પછી ધુસળ(બળદને બાંધવાની ધૂરી) મુશળ(નાનું સાંબેલું)વર ઉપરથી ઉતારી પોંખવું, પછી ચારે બાજુથી ઉતારી ચારે દીશાએ નાખે પછી વરના જમણા પગને માટી લઈને વરના ડાબા કાન પાસે રક્ષા કન્યાની મા કરે. પછી કન્યાને લાવવામાં આવે. કન્યા વરના જમણા પગનો અંગુઠો વાંદીને સામ સામા એક બીજાને હાર પહેરાવે. કન્યા ઘરમાં જાય અને વર સંપૂટ ચાંપી માયરાંમાં આવે. પછી કન્યાના મામા કન્યાને માયરાંમાં લાવે અને

માતાપિતા કન્યાદાન કરે.


(૧૬) <u>હસ્તમેળાપ</u> : કન્યાના પિતા દીકરીનો હાથ વરના હાથમાં આપે,વરના હાથમાં નાગરવેલનું પાન અને ફુલ મૂકાય.

(૧૭) <u>છેડાછેડી બાંધવી</u> : હસ્તમેળાપ થઈ જાય પછી કન્યાને મોડીયાં તથા ચૂંદડી ઓઢાડી જે ગોર પૂજી હોય તે પાનેતરના રૂમાલમાં પાવલું મૂકી બાંધવી ને વરની બેન છેડાછેડી બાંધે.



(૧૮) <u>ફેરા</u> : વર કન્યા સાત ફેરા ફરે,ચાર ફેરામાં વર આગળ રહે પછીના ત્રણ ફેરામાં કન્યા આગળ રહે. સપ્તપદીના વચનો બોલાય.ફેરા ફરે ત્યારે કન્યાનો ભાઇ જવતલ હોમાવે.પછી તે વરનો અંગુઠો ચાંપે ત્યારે બનેવી તેને બે રૂપિયા આપે. વરકન્યા પરણીને ઉતરે ત્યારે કન્યા પક્ષના દરેક મોટેરાને પગે લાગે. પહેલા વરરાજા કન્યાની માને ખૂંપ ઉતારીને પગે લાગે. પછી કન્યાની વિદાય થાય.કન્યાદાનમાં કન્યાપક્ષે આપવાની થાળી નંગ–૪ જેમાં ૧ કાંસાની અને ૩ જર્મન સિલ્વરની/ સ્ટીલની,લોટો નંગ–૧,કાંસાનું કચોળું,કાકા કચોળામાં વાટકો તેમાં કંકુવાળા ચોખા અને ઉપર અતલસ. શકિત પ્રમાણે દાગીના કરવાં.

(૧૯) <u>સાસુ પૂજવા</u> : બાદમાં કન્યા સાસુ પૂજવા જાય ત્યારે સૂપડામાં મગ,કંકાવટી,ગોળ ઘી,ખજુરની પીસીઓ અને એક રૂપિયો રોકડો દેવાનો.વરપક્ષે સુપડામાં ચોખા આપવા. જેથી મગ ચોખા ભળી ગયા કહેવાય.સાસુ બે વાર પૂજવા જવું. પહેલીવાર વરઘોડિયું પરણીને ઉતરે ત્યારે અને બીજીવાર પહેરામણી પહેરીને જાય ત્યારે.બીજે દિવસે વરકન્યા મીંઢોળ કાઢી સામસામા છેડાછેડી છોડી એક થાળીમાં દૂધપાણી, કોડી સોપારી,પાવલું તથા મીંઢોળ નાઅખી એકીબેકી રહે. ત્યારબાદ પહેરામણી પહેરવા વરરાજા માંડવામાં આવે.



(૨૦) <u>દિવડો–(રમણ દિવડો)</u> : કન્યાના લગ્નમાં દીવો ખાસ હોય છે. તેમાં કપાસીયાનો દીવો કરાય. અત્યારે ઘીનો દિવો પણ કરે છે. કન્યા વળાવે ત્યારે દીવડો વરની માના હાથમાં આપે છે.

(૨૧) <u>જમણ</u> : વેવાઈ–વેવાણ,જાન જમવા આવે.



**શું તમે...?**
**તમારા મકાનનું રીનોવેશન કરાવવા માંગો છો ?**
**કે પછી વોટરપ્રુફીંગ કરાવવું છે? કે...**
**મકાન કે ઓફીસમાં કલરકામ કરાવવા ઈચ્છો છો?....તો–**
**આ સમયની તક ઝડપી લ્યો... બધું જ અમારા ઉપર છોડો**
**આકર્ષક અને ટકાઉ કામ કરી આપવાની અમારી ગેરંટી**
**બજારભાવ કરતાં વ્યાજબીભાવની અમારી કાયમી ખાત્રી**
**ફોન કરો : જયેશ વસાવડા–નિર્મળ કલર (અમેરીકન કલર)**
**મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭**



⇦ આજની ડિગ્રીની કિંમત તો જુઓ...હજી તો પદવીદાન સમારંભ પૂરો થયો ત્યાં તો યુવાનોએ નોકરીદાન માટે યાચના શરૂ કરી દેવી પડે છે.(જે આજ સુધી આ જ દશા છે!)
(૬૦ વર્ષ પહેલા પ્રકાશિત પુસ્તક 'રમેશ બૂચના કટાક્ષ ચિત્રો' માંથી સાભાર)

# સંબંધો ની મીઠાશ ...

સંબધની મીઠાશ જાળવવામાં નહી, સંબંધ જતો કરવામાં છે !!! કારણ કે, જે સંબંધમાં ઘણું બધું જતું કરવું પડે, એ એક તરફીય સંબંધ કહેવાય, એના કરતા દુર રહો, સ્વસ્થ રહો અને સંબંધનું સ્વાસ્થ્ય પણ જાળવો. આવું એટલે લખવું પડયું કે અમુક કિસ્સામાં એક જ વ્યક્તિ બિચારો સંબંધ સાચવવા માટે જતું કરે અને બીજો એનો ફાયદો ઉઠાવતો હોય !!! હા, ઘર સંસારમાં પણ એક બીજા એ સહન કરી ને તો ક્યારેક કશુ જતું કરીને સંબંધ સાચવવો પડે છે અને એ જરુરી પણ છે. પણ એનો મતલબ એ નથી કે પંચર વાળી ગાડી તમને પાંચ ગામ ફેરવશે. પંચર વાળું વાહન પાંચસો મીટરથી વધારે ફેરવશો તો ટાયર તો જશે જ, પણ ગાડી ને નુકસાન કરતું જશે.

એટલે જીવનની ગાડી સાચવવી હોય, તો પંચર પૂરો અને પંચર વધી જાય, તો ટાયર બદલી નાખો. જો કે, આ ઊદાહરણ પણ દેવા જેવું નથી કારણ કે આજ કાલ ટ્યુબલેસ ટાયર આવી ગયા અને સંબંધો પણ ટ્યુબલેસ થઈ ગયા. અર્થાત, બહાર થી ખબર જ ન પડે કે વ્યક્તિ ના વિચારો માં કેટલા પંચર છે.

એટલા પ્રેમ થી બોલાવશે કે વાત પૂછો માં;
"તું તો આવતો જ નથી", "ઘરે આવવાનું જ છે", "જમ્યા વગર નથી જવાનું" વગેરે વગેરે. અને ઘરે જઈએ, તો કેવો અનુભવ થાય તે તો આપ પણ જાણતા હશો. હા, જેની આર્થિક પરિસ્થિતિ સારી નથી, તે અપવાદરુપ છે.

બાકી વાત પૂછો માં સાહેબ,
પાણીના પ્યાલા મોટા, દૂધના પ્યાલા નાના થઈ ગયા,
જમ્યા વગર મોકલે નહી, એવા ઘર ઓછા રહી ગયા ...

– પાર્થેશ નાણાવટી

નોંધ : આ અંક ઈતર વાંચન સામગ્રી સાથેનો પ્રકાશિત કરી સમાચાર, અવસાન નોંધ આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે. તંત્રી

જીવન વિમો તમારા માટે નથી,
એ એમની માટે છે જેને તમે બેહદ પ્રેમ કરો છો..
જી હા, વિમા ક્ષેત્રમાં વર્ષોના અનુભવી એવા શ્રી પાર્થેશ નાણાવટી આપના અને આપના પરિવાર માટે વિમા રોકાણ, ઈન્વેસ્ટમેન્ટ બાબતોને સરળ કરવા સેવાકૃત છે.
♦ટર્મ પ્લાન ♦ બાળ યોજના ,
♦ગેરેન્ટેડ ગવર્નમેન્ટ વળતર,
♦માર્કેટ આધારીત પ્લાન♦ બીઝનેસ ઈન્સયુરન્સ
♦પેન્શન/રીટાયરમેન્ટ પ્લાન,
♦માસિક આવક યોજના વગેરે...
તો આજે જ સંપર્ક કરો, કોલ કરો અથવા વોટ્સએપ કરો : પાર્થેશ નાણાવટી–રાજકોટ
મો. ૯૯૦૪૨૦૦૨૦૪

તમારી આજને સમૃદ્ધ, કાલને સુરક્ષીત બનાવો

મુશ્કેલીમાં સાથે મળીને મદદરૂપ થઈએ...

રાજકોટનાં એક વૃધ્ધ નિઃસંતાન દંપતીમાંથી પતિનું અવસાન થતાં વૃધ્ધા એકલાં પડતાં તેમની સાથે રહી ઘરકામ, રસોઈ કરી આપે તેવાં બહેનની જરૂર છે.એકલાં કે જરૂરીયાતવાળાં બહેન અથવા જેમને ધ્યાનમાં હોય તે સૌ મારો (વિ.શાં.ધો.)૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર સંપર્ક કરશો.

નોંધ : મે/જૂનનો આ અંક તા.૫/૭/૨૧ના રોજ પોસ્ટ થશે. અહીં આપના નામ સરનામાની સ્લીપમાં ઉપર પ્રિન્ટ થતો ગ્રાહક નંબર નોંધી લેશો ને અંક ન મળવાની જાણ આ નંબર સાથે કરશો (૨) તેમજ લગ્ન, સગાઈ કે અન્ય સમાચાર, અવસાન નોંધ,લગ્ન વિષયક જાહેરાત / અગાઉ મોકલેલા સમાચાર પ્રકાશિત ન થયા હોય તો મને ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર તેની જાણ કરશો..વિ.શાં.ધો.